# હવે બહુ થયું ચાલો પહેલાના જેવા થઈ જઈએ... કોરોના છે, રહેવાનો અને લાંબા સમય સુધી રહેવાનો...

***એટલે જ હું કહું છું કે તાકતવર બનો, કોરોનાના ભૂતને ભગાડો એનાથી ડરશો નહી... આજે નહી તો કાલે તમને કોરોના થશે જ પણ ચિંતાની જરૂર નથી. જો તમારી રોગપ્રતિકારક શક્તિ સારી હશે તો કોરોના તમારું કંઈ બગાડી શકશે નહી. એટલે કહું છું હવે બહુ થયું બહાર નીકળો, ધંધા-પાણી સંભાળો અને પહેલાના જેવું જીવન જીવો...***

અલ્યા એ ડાહ્યા તું જે ઉપર બોલ્યો એનો અર્થ શું થાય છે ?? એની તને ખબર છે ?? ડાહ્યો થઈને ગાંડા જેવી વાતો કરે છે. સરકાર મોટા મોટા અવાજે ભેગા નહીં થવાનું, દૂર રહેવાનું, મોઢું ઢાંકીને રાખવાનું આવું બધુ રેડીયો અને ટીવી પર બોલ્યા જ કરે છે અને તું પાછો સલાહ આપે છે કે પહેલાના જેવા થઈ જઈએ....

અરે, ગાંડાભાઈ તમે ક્યારથી ડાહ્યાભાઈ જેવી વાતો કરવા માંડ્યા. મારી વાતનું હું સમર્થન મૂકુ તો જગતમાં ચાઈનાથી શરૂઆત કરીને ૬ કરતા વધારે મહિનાથી દુનિયા ન દેખાતાએવા શત્રુથી હેરાન થઈ રહ્યું છે. માનવજાત જાણે ખતમ થવાની તૈયારીમાં છે. એક માનવે બીજા માનવ પર જાણી જોઈને સત્તાની હોડમાં હુમલો કર્યો છે. આ બાયોલોજીકલ વેપન જ છે ?? અને આ વિશ્વ યુદ્ધ થઈ ચૂક્યું છે એમ જ માની લેવું. ગણતરીના મહિનામાં જ આનાથી વધારે ખરાબ સમાચાર આવે તો નવાઈ નહીં. ગાંડાભાઈ હું વાત કરું છું જૂના સમયમાં જવાની અને ભવિષ્યનો સમય ખરાબ આવશે. હું વાત કરું છુ HERD IMMUNITY ની . કોરોના વધારે થશે અને મોત ઓછા થશે , કોરોના સામાન્ય શરદી - ઉધરસ ની જેમ થશે . એવી આગાહી પણ કરું છું. એક જ માણસના બે મોઢા. એક બાજુ તમે સિંહ જેવા છો અને બીજી બાજુ તમે શિયાળ જેવા છો...

ગાંડાભાઈથી રહેવાયું નહીં.. અલ્યા ડાહ્યા આજે શેનું શાક ખઈને આવ્યો છે. કારેલા કે રીંગણાનું...!! કડવું કડવું અને અસત્ય બોલે છે.

ના...ના... ગાંડાભાઈ આજે તો ઉપવાસ છે. ખાલી શનિ ભગવાનનું નામ લઈને લીલું પાણી પીને આવ્યો છું...

અલ્યા, લીલું પાણી ? પાણી તો રંગહીન હોય આ વળી લીલુ પાણી ક્યાંથી લાયો ?? લાયો નહીં ગાંડા, ઘેર બનાવ્યું. જેને પીવાથી આપણામાં હિમોગ્લોબીન વધે, પેટ સાફ રહે, ચરબી ઘટે, શરીરમાં તાકાત રહે અને રોગપ્રતિકારક શક્તિ પણ વધે. અલ્યા ડાહ્યા મારો બેટો એકલો એકલો પીવે છે લીલું પાણી. જરા અમને પણ કહે કઈ રીતે ?? તો સાંભળ ગાંડા, આ એક પ્રકારનો જ્યુસ છે અથવા શરબત છે. જેમાં ખાંડ નથી છતાં પણ તમે ૧ લીટરથી વધારે આરામથી પી શકો. તો હવે સાંભળ, એક લીટર લીલુ પાણી બનાવવા માટે ૧૦ મોટા પાંદડા પાલખ, ૧૦ ફુદીનાની ડાળી (ફક્ત પાંદડા જ લેવા), ૧૦ ડાળીકોથમીરની આ ત્રણેયને બરાબર ધોઈને મિક્સરમાં એકરસ કરી દેવાની એટલે કે સમજને જાડી પેસ્ટ બની જશે. તેમાં ૧ લીટર પાણી ઉમેરવાનું પછી આ પાણીમાં સંચળ અને સિંધવ મીઠું વધારે પ્રમાણમાં ઉમેરવું. સારી રીતે મિક્સ કરી ૩-૪ મોટા લીંબુનો રસ ઉમેરવો. લો, ૫ મિનિટમાં લીલુ પાણી તૈયાર... આને ઉપવાસમાં પણ પીવાય અને લંચ તરીકે પણ લેવાય અને સાંજે શરબતની જેમ પણ પીવાય. આનાથી શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ (સોડિયમ, પોટેશિયમ, ક્લોરાઈડ)નું પ્રમાણ જળવાઈ રહે છે. મીઠા નાં હિસાબે સોડિયમ જળવાઈ રહે છે અને લીંબુના લીધે પોટેશિયમ જળવી રહે છે અને પાલખમાં આર્યન હોવાથી લોહીમાં હિમોગ્લોબીન વધે છે. ફુદીનો અને પાલખ જે આંતરડામાં ફાઈબર તરીકેનું કામ કરે છે જે આંતરડા સાફ કરવા માટે જરૂરી છે. માટે આ લીલુ પાણી રોજ લેવું જોઈએ.


તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

અરે, વાહ ડાહ્યા આ તો તે ખૂબ જ મોટી વાત કરી દીધી. રોગપ્રતિકારક શક્તિની વાતોમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા... કોરોના સામે આ લીલુપાણી તો અમૃત સમાન છે.

અરે ગાંડા હજુ આમાં લીલી મેથીની ૧૦ ડાળી (પાંદડા) અને તાંદળજોના પાંદડા, લીલો લીમડો એમ ઘણી વસ્તુ ઉમેરી શકાય. ટૂંકમાં સિઝન પ્રમાણે જે લીલા પાંદડા મળે એનો ઉપયોગ કરીને લીલું પાણી રોજ પીવાનું. સારું સારુ... ડાહ્યાભાઈ પણ ઉપર તમે જે બણગા ફુક્યા એનો જવાબ તો ના જ આપ્યો.

ના, ગાંડાભાઈ એવું નથી. હું વાત સમજી વિચારીને કરું છું. લોકો એટલા બધા ગભરાઈ ગયા છે. એક માણસ બીજામાણસ તરફ શંકાની નજરે જોતો થઈ ગયો છે. જે માણસો એકબીજાને મળતા ત્યારે ભેટી પડતા પણ અત્યારે લોકો બહુ તકલીફમાં છે. એકબીજાને શંકાની નજરે જોવે છે. દરેકને કોરોનાની ભયંકર બીક લાગે છે. વાત દરેક દેશની જુદી જુદી છે. સ્વિડનમાં એવું કહેવાય છે કે કશું જ લોકડાઉન કર્યા સિવાય કોરોના કંટ્રોલમાં છે. તાઈવાન ચીનની નજીક હોવા છતાં કોરોના તાઈવાનનું કશું બગાડી શક્યું નથી. જ્યારે અમેરિકા, ઈટલી, બ્રાઝિલ અને હવે કદાચ ભારતનો નંબર પણ આવે. જેમાં માનવજાત પર વજ્રઘાત થયો છે. બ્રાઝિલ અને ઈટલીમાં તો માણસો કીડી મકોડાની જેમ મરી રહ્યા છે. ખબર નથી પડતી કે સ્વીડન સાચું, તાઈવાન સાચું અને અમેરિકા, ઈટલા એ સાચું તો નથી પણ તકલીફ શું છે ?? આ બધી તો વાતો કરી ભારતમાં ખૂબ જ સારી રીતે આપણે જેટલું થાય એટલું લોકડાઉન કરીને કોરોનાને રોકી રાખ્યો છે.

અરે, ડાહ્યાભાઈ તમે યાર આવી વાતો ના કરો. પાકિસ્તાનમાં બધુ ખૂલ્લું છે. લોકડાઉનથી પચાસ હજાર જેટલા પોઝિટીવ કેસો આવ્યા છે અને તેમાંથી હજાર કરતા ઓછા લોકો મર્યા છે. લોકો ઈમરાનખાનને ગાળો આપે છે છતાં લોકો મરતા નથી અને કેસ વધતાં નથી. એટલે ભારત કરતા સારી પરિસ્થિતિમાં છે એવું કહેવાય ડાહ્યા...

હા, કહી શકાય પણ લોકો કહે છે કે ટેસ્ટ પણ થતાં નથી, મોત વધારે છે, આંકડા બહાર આવતા નથી તો વધારે ખરાબ....

સાહેબ આ તો માનવજાત પર કોઠારો ઘા છે. પોતાનો ઉલ્લું સીધો કરવા માટે લોકોના શબો પર બેસીને રાજ કરવું એ હિતાવહ છે...??

હવે આપણી વાત કરીએ ગાંડાભાઈ, આપણા દેશમાં પણ દોઢ લાખ કરતા વધારે લોકો કોરોનાથી સંક્રમિત થયા છે પણ ત્રણ-ચાર હજારથી વધારે મર્યા નથી. જેમાં મોટા ભાગના ઉંમરલાયક છે એનો મતલબ એ થાય તમે ધ્યાન રાખો, અને ધ્યાન ન રાખો તો પણ જો તમને કોરોના થઈ ગયો, તમારી રોગપ્રતિકારક શક્તિ સારી કરી દો તો ૧૦ દિવસમાં કોરોનાનું ભૂત તમારા શરીરમાંથી જતું રહેશે.

***એટલે જ હું કહું છું કે તાકતવર બનો, કોરોનાના ભૂતને ભગાડો એનાથી ડરશો નહી... આજે નહી તો કાલે તમને કોરોના થશે જ પણ ચિંતાની જરૂર નથી. જો તમારી રોગપ્રતિકારક શક્તિ સારી હશે તો કોરોના તમારું કંઈ બગાડી શકશે નહી. એટલે કહું છું હવે બહુ થયું બહાર નીકળો, ધંધા-પાણી સંભાળો અને પહેલાના જેવું જીવન જીવો...***

# 'કેરિયર ઈન ફૂડ ટેકનોલોજી' : ગણપત યુનિ.ની ફેકલ્ટી ઓફ ફાર્મસી દ્વારા વેબીનાર

## યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર અને ફાર્મસી ફેકલ્ટીના ડીન પ્રો. ડો. આર. કે પટેલે ખુદ ઓનલાઈનમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું




ગણપત વિદ્યાનગર, તા. ૩૦


ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાર્મસી દ્વારા તા. ૨૮મી મે સાંજે ૫ થી ૭ દરમિયાન એક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો. 'કેરિયર ઈન ફૂડ ટેકનોલોજી'.

આ વેબીનારમાં ગુજરાત સિવાય પણ કેટલાંક રાજયોના ફૂડ ટેકનોલોજીમાં કેરિયર બનાવવામાં રસ ધરાવતાં ૩૫ જેટલાં વિદ્યાર્થીઓએ ઓનલાઈન ઉપસ્થિતિ રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

ફૂડ ટેકોનોલોજીમાં કેરિયર વિષેના કાઉન્સેલિંગ માટે વિષય નિષ્ણાંત તરીકે ગણપત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર અને ફાર્મસી ફેકલ્ટીના એક્ઝિક્યુટીવ ડીન પ્રો. ડૉ. આર કે પટેલે ઓનલાઈન ઉપસ્થિત રહી ફૂડ ટેકનોલોજી ક્ષેત્રની વિસ્તરતી જતી ક્ષિતિજો અને પરિણામે ઊભી થતી નવી નવી વ્યાવસાયિક તકો વિષે વિષદ્ છણાવટ કરી હતી. ગણપત યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ ફૂડ ટેકનોલોજી વિષયક કોર્ષિસની પણ માહિતી આપવા ઉપરાંત એમને પ્રશ્નોના પણ સંતોષકારક જવાબો આપ્યા હતા.

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા

## 'આંતરદર્શન : લોકડાઉન કારણે પ્રાપ્ત થયેલ શ્રેષ્ટ તક' વિષય પર ટોક શો યોજાયો




ગાંધીનગર, તા.૩૦

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ''આંતરદર્શનઃ લોકડાઉન કારણે પ્રાપ્ત થયેલ શ્રેષ્ટ તક'' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું જેમાં રાજકોટ સ્થિત પ્રોફેસર, લેખક અને વક્તા ડો. મનીષ રાવલ ઉપસ્થિત રહી વિવધ ઉદાહરણો અને પોતાના અનુભવો ટાંકી વિષય અનુરૂપ પોતાની વાત રજુ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે લોકડાઉનનો સમય જીવનનો સુવર્ણ સમય છે જેમાં આપડે મનગમતું કાર્ય કરી ટેસમાં જીવવું જોઈએ નાકી સ્ટ્રેસમાં. જે ઘટના પહેલીવાર બને છે તે ગણું નવું શીખવાડે છે. આ સમયમાં ઘરની બહાર જવાનું નથી પરંતુ જાતની અંદર ડોકિયું કરી જાતે ચાર્જ થવાનું છે અને આપણી આસપાસ રહેતા તમામને પણ ચાર્જ કરવા માટે આહવાન કર્યું હતું. આમ વિવિધ મહાપુરુષોના ઉદાહરણ ટાંકી હાજર તમામને આ સમયમાં ધૈર્ય અને હકારત્મક આશા સાથે, નવીન વિચાર અને નવા અભિગમ સાથે નવી શરૂઆત કરવાની વાત કરી હતી. સેશનની શરૂઆતમાં રોટરી પ્રમુખશ્રી, ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા શક્તિ અને શાંતિ સ્લોકના પઠન કરી સ્વાગત કર્યું હતું અને અંતે સેક્રેટરી ભારત જૈન દ્વારા હાજર સૌ પ્રતે અભાર પ્રગટ કરાયો હતો.

# જન્મદિને વધામણી


મહેશકુમાર ડી રાવલ
મો. ૨૩૨૩૩૦૬૭


ભગવતીબેન બી. પ્રજાપતિ
મો. ૯૪૨૮૨ ૧૭૪૨૪


લીલાબેન કે ત્રિવેદી
મો. ૯૪૨૭૭ ૧૪૨૮૮


રમેશચંદ્ર જી મિસ્ત્રી
મો. ૯૯૭૯૦ ૯૮૪૦૯


શૌર્ય યોગેશ સોલંકી


ડાહ્યાભાઈ એસ મકવાણા
નિવૃત્ત સેક્શન ઓફિસર
મો. ૯૯૯૮૮ ૧૦૬૮૯


ભાવનાબેન શાહ
મો.૯૯૭૮૪ ૫૬૫૦૬


ડૉ. આનંદ બી પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૫૫૧૯૭


દર્શ પટેલ
મો. ૮૪૬૯૪ ૫૦૫૦૮



વિહાન હિતેશભાઈ મહીડા
મો. ૯૮૧૧૬ ૦૭૮૭૧

# લોકડાઉનમાં 'મારું સાહિત્ય' બન્યું અભ્યાસની પ્રણાલિકા

## શિક્ષકો 'મારૂ સાહિત્ય' થકી અસરકારક શિક્ષણકાર્ય માટે કટિબધ્ધ બનશે

મહેસાણા, તા.૩૦

વિશ્વ જયારે કોરોના મહામારીથી સંક્રમિત છે ત્યાં ભારત સરકાર દ્વારા પણ દેશમાં કોરોના સંક્રમણ ઓછું થાય તે પગલે ઠેર ઠેર સલામતી અને સાવચેતીના પગલાં લઈ પ્રજાજનોને સુરક્ષિત રાખવાના પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે મહેસાણા જિલ્લો આ સ્થાને અગ્રેસર કામગીરી કરી રહ્યો છે. “Goal is achieved if proper planning is done and executed.” – અર્થાત દરેકને મંઝિલની પ્રાપ્તિ ત્યારે જ થાય છે જયારે તેનું પૂર્વઆયોજન સચોટ હોય. આવું જ કંઈ આપણા શિક્ષણજગતમાં પણ છે. શિક્ષણકાર્ય ત્યારે જ સફળ અને અસરકારક બને જયારે શિક્ષણ દ્વારા જે તે એકમનું સચોટ પૂર્વ આયોજન થયેલ હોય. મહેસાણા જિલ્લામાં આ બાબતને ધ્યાને રાખી તથા લોકડાઉનના સમયનો સદઉપયોગ થાય તે માટે સ્મિતાબેન પટેલ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રેરણા અને પુલકિતભાઈ જોશી નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના સહયોગ થકી પટેલ રવિભાઈ સી.આર.સી.કો.ઓ સુરજ, તા. જોટાણા દ્વારા ધોરણ ૧ થી ૮ ના તમામ વિષયોનું પૂર્વઆયોજનનો એક વિચાર ક્લસ્ટરના શિક્ષકો સામે મૂકવામાં આવ્યો અને આ આયોજન બનાવવાનું નક્કી કર્યું.





આજે સવારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હોય તેવું લાગતું હતું... આકાશમાં વાદળો, અતિશય ઉકળાટ... નગરજનોને ચોમાસું નજીક છે એવો આભાસ થતો હતો...

આ માટે ક્લસ્ટરની ૧૦ શાળાના ૪૭ શિક્ષકોની એક ટીમ બનાવવામાં આવી. સી.આર. સી.કો. ઓ. સૂરજના માર્ગદર્શન નીચે ટીમ સૂરજ દ્વારા કોરોના સંક્રમણમાં થયેલ લોકડાઉનમાં સમયનો સદુપયોગ કરી અનોખી પહેલ કરી કામગીરી ચાલુ કરવામાં આવી.

આ આયોજનમાં ટીમના શિક્ષકોએ લેખન,ટાઈપીંગ, ફોર્મેટિંગ તથા સમીક્ષાની અલગ અલગ કામગીરી કરી ધોરણ ૧ થી ૮ના તમામ વિષયોનું-તમામ પ્રકરણોનું તમામ પ્રવૃત્તિઓનું સમગ્રલક્ષી બારીકાઈથી પૂર્વ આયોજન કરી ૪૦ દિવસમાં નવીન અભ્યાસની પ્રણાલિકા તૈયાર કરાઈ. જેમાં દરેક પ્રકરણ માટે અધ્યયન નિષ્પત્તિઓ, અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરવા માટેની પ્રવૃત્તિઓ, જરૂરી પ્રોજેક્ટ, જરૂરી પ્રયોગ તથા તેને લગતા ઉપયોગમાં લઈ શકાય તેવા ટી.એલ.એમ નું સમગ્રલક્ષી પૂર્વાયોજન બનાવવામાં આવ્યું.

# 'શિવરંજની' પ્રસ્તુત 'ઓનલાઈન' ગીત-સંગીત બેઠક 'ઉઘડતા સૂર'ની જમાવટ... જોડાયા તેમણે માણ્યો

'માડી તારું કંકુ ખર્યું... ને સૂરજ ઊગ્યો...' સ્વ. અવિનાશ વ્યાસની આ સુંદર ભક્તિરચનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો... શ્રોતાઓ ડોલવા લાગ્યા... ને કલાકારે પ્રસ્તુતિ પૂર્ણ કરી ત્યારે તો સૌએ તાળીઓથી એને વધાવી લીધો.

જી... હા... વાત છે ગાંધીનગરથી સંગીત કલા સંસ્થા 'શિવરંજની' દ્વારા તા. ૨૧મી મે, ૨૦૨૦ની રાત્રે યોજાયેલ ગીતોના કાર્યક્રમની...

હા, તમે કહેશો કે શું ગપ્પા મારો છો ! લોકડાઉનમાં જાહેર કાર્યક્રમો કરવા ઉપર પ્રતિબંધ છે... ત્યારે ૨૧મીએ કાર્યક્રમ 'શિવરંજની' એ કયાંથી યોજાયો હોય ?

તમેસાચા છોતોઅમેપણખોટા નથી... અમે કયાં કહ્યુંકે 'શિવરંજની'નો કાર્યક્રમ જાહેરમાં - હોલમાં થયો હતો ? અરે સાહેબ, આ તો 'શિવરંજની' એ આયોજિત કરેલ 'ઓનલાઈન' પ્રોગ્રામની વાત છે...

લાંબા સમયથી ચાલી રહેલા કોરોનાના કહેરને પગલે આવી પડેલ 'લોકડાઉન'થી કંટાયેલા લોકોએ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ધીરેધીરે કંઈને કંઈ પ્રવૃત્તિઓ કરવા માંડી... ટ્યૂશન કલાસીસ ઓનલાઈન શરૂ થયા... સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવાનું શરૂ થયું... સેનિનાર શક્ય નહોતા એટલે 'વેબીનાર' શરૂ થયા... શ્રોતાઓને કવિ સંમેલનો મોહતાજ કવિઓએ 'ઓનલાઈન' કવિ સંમેલનો આરંભ્યા...

ત્યારે 'શિવરંજની' ના ધૂરાવાહકોને પણ થયું કે બહુ દિવસોથી 'બોર' થઈ રહેલા આપણા સભ્યોને સંગીત રસિકોમાં તાજગી - ચેતના ને આનંદ પ્રસરાવે તેવું સૂરીલું - સંગીતમય વાતાવરણ સર્જવા કાંઈક પ્રોગ્રામ કરવો જોઈએ... વિચારમંથનના અંતે સર્જાય તે આ 'ઓનલાઈન' સંગીતની નાનકડી બેઠક સ્વરુપનો કાર્યક્રમ.


ટહૂકાર
પ્રકાશ લાલા

'ઉઘડતા સૂર' શીર્ષક હેઠળ ડિઝાઈન કરાયેલ 'ઓનલાઈન' પ્રોગ્રામ ઓન 'ઝૂમ એપ...' માં કલાકારો પોતપોતના ઘરેથી ગીતો પ્રસ્તુત કરે ને ગુણીજનો પોતાના ઘરે બેઠા એ માણે, બિરાદાવે ને એમ માહોલ ચેતનવંતો બને એવા શુભ-સુરીલા આશયથી થયેલો કાર્યક્રમ ખરેખર માણવા લાયક બની રહ્યો... ૪૦-૪૦ મિનિટના બે ભાગમાં વહેંચાયેલી બે બેઠકોમાં અંદાજે ૧૧ થી ૧૨ ગાયક કલાકારોએ ભાગ લીધો...

કાર્યક્રમનું શીર્ષક 'ઉઘડતા સૂર' બે રીતે યથાર્થ હતું... એક તો પહેલીવાર કરાઈ રહેલ 'ઓનલાઈન' કાર્યક્રમમાં ગાંધીનગરની જ પાંગરતી પ્રતિભાવોને પ્લેટફોર્મ આપવાનો ને ઊગતા ગાયકોને પોંખવાનો અભિગમ રખાયો હતો એટલે ને બીજું લાંબા સમયથી બંધ પડેલા કાર્યક્રમો રુપી સૂર મોટા અંતરાલ પછી ઉઘડી રહ્યા હતા એટલે 'ઉઘડતા સૂર' ટાઈટલ ફીટ હતું.

તા. ૨૧ મે, ગુરુવારની રાત્રે બરાબર ૯.૦ વાગે સમગ્ર ઓનલાઈન પ્રોગ્રામના ડીઝાઈનર - સંચાલક સી.એમ. મહેતાની પ્રસ્તાવના અને સંસ્થાના પ્રમુખ શ્રી વાગ્મિન બૂચના આવકાર કાર્યક્રમની ભૂમિકા સાથે સૂર છેડાયા...

ભાઈ યથાર્થ ધોળકિયાએ 'માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો' ની મધુર પ્રસ્તુતિ સાથે કાર્યક્રમને ઉઘાડ આપ્ય તો છેક હૈદરાબાદથી જોડાયેલ ગાંધીનગરની દીકરી અપૂર્વા રાવલ અને તેના જીવનસાથી ફલક છાયાએ જૂના નવા જાણીતા ગુજરાતી ગીતોથી સુંદર મેડલી રજૂ કરી, 'ઓનલાઈન' પ્રોગ્રામ માણી રહેલા, સંગીત પ્રેમીઓને ખુશ કરી દીધા... તો પાંગરતી નહીં પણ પાંગરી ચૂકેલી પ્રતિભા એટલે કે નગરના ગૌરવસમી ગાયિકા આરતી ભટ્ટે 'ના... ના.... નહીં આવું.... મેળાનો મને થાક લાગે...' પ્રસ્તુત કરી સૌને ડોલાવ્યા... એ પછીના ક્રમે કુ. દિશા દવે એ ગાયેલું કવિ રમેશ પારેખના ગીત 'આંખોમાં બેઠેલા ચાતક કહે છે મારું ચોમાસું આસપાસ કયાંક છે...' પણ સરસ રહ્યું...




૫-૧૦ મિનિટના વિરામ બાદ (ખરેખર તો ઝૂમ એપની ટેકનિકલ મર્યાદાના કારણે લેવો પડેલો વિરા હતો - હશે !!) આરંભાયેલા બીજા સેશનનાં પહેલા ગાયિકા હતાં શ્રીમતી દેવર્ષિ શેઠને એમને સંભળાવ્યું કવિ સુખદેવ પંડ્યા રચિત ગીત 'ભીંતે ચિતરેલા ગરવા ગણપતિ...' એ પછીના કલાકાર હતા ભાઈ સાહિલ રાખી... એમની રોમેન્ટિક ગીત 'નજરના જામ છલકાવીને ચાલ્યા કયાં તને' ની પ્રસ્તુતિ ઝળકદાર રહી... બહેન વૃંદા વ્યાસે પેશ કરેલ જૂનું-જાણીતું, અવિનાશભાઈનું રમતિયાળ ગીત 'છાનું ને છપનું કંઈ થાય નહીં, રણકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં...' સૌએ ખૂબ માણ્યું.... એ જરીતે ગાંધીનગરના બીજા એક અચ્છા ગાયક ભાઈ વિકાસ શેઠના કંઠેથી 'દરિયાના મોજા થઈ રેતીને પૂછે, તને ભીંજાવું ગમશે કે કેમ ? એમ પૂછીને થાય નહીં પ્રેમ....' એ કવિ તુષાર શુક્લની રચના સાંભળવાની પણ મજા આવી હતી... સાથે જ બહેન હિમાદ્રી મોજીલું - નટખટ નણદીનું ગીત 'તમે થોડાં થોડાં વરણાગી, ઓ ભાભી તમે થોડાં થોડાં થાવ વરણાગી...' મસ્તીભર્યો માહોલ રચી ગયું... તો આ બીજા સેશનમાં પણ આરતી ભટ્ટ પાસેથી 'આજનો ચાંદલિયો મને લાગે બહુ વહાલો... કહી દો સૂરજને કે ઊગે નહીં ઠાલો...' ગીતની સૂરીલી ભેટ મળી...

જો કે 'ઉઘડતા સૂર'માં એક ખૂબ જાવડેલો - મંજાયેલો સૂર સાંભવવાનો ય લહારો સૌને સાંપડ્યો. એ હતા કલા ગુરુ પંડિત પિનાકીનભાઈ વ્યાસ... સમગ્ર કાર્યક્રમમાં લગભગ મોટાભાગનાં ગાયક-ગાયિકા આ 'કલાગુરુ' ના શિષ્યો હતા. એ સર્વેએ સરસ ગાયું... તો એમના 'ગુરુજી'ની બંને બેઠકમાં એક-એક પ્રસ્તુતિ 'તમે જોતા જોઈ પનઘટની વાટે... મારું મન મોહી ગયું...' અને 'તારો છેડલો તું માથે રાખને જરા... આ તો ચૈતર વૈશાખના વાયરા' તો કાબિલ-એ-દાદ હોય જ એમાં નવાઈ નહીં...

સંગીતની સંગત વગર ગાયું એક ચેલેન્જ હોય છે... બધાં કલાકારોએ એ ઉઘાડી લીધી ને સફળતાથી પૂર્ણ કરી એ આ 'ઓનલાઈન' નું જમા પાસું હતું... પણ શ્રોતાઓની 'વાહ... વાહ...' ને તાળીઓ એમના સુધી ના પહોંચે એટલે એમને ચાનક ના ચઢે અને આ પ્રકારના આયોજનની ખામી છે... એ દૂર થઈ શકે ? એ દિશામાં નેક્સ્ટ 'ઓનલાઈન પ્રોગ્રામ' પહેલાં વિચારવું પડશે... તો એક સાથે ૧૦૦ વ્યક્તિ જોડાઈ શકે છે એ મર્યાદા પણ દૂર કરવી રહી...

એકદંરે માણવા લાયક બની રહેલા 'ઉઘડતા સૂર'ની સમગ્ર પરિકલ્પના માટે શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતા (સી.એલ.) અને ટેકનિકલ હેલ્પ માટે તેમના ચિરંજીવી ભાઈ ધૈવત મહેતા તેમજ પ્રમુખશ્રી અને ટીમ 'શિવરંજની' ને હાર્દિક અભિનંદન...

'લોકડાઉન' જશે તોયે કોરોનાના કારણે જાહેર કાર્યક્રમો કયારે થઈ શકશે તે મોટો પ્રશ્ન છે ત્યારે 'શિવરંજની' નામી કલાકારોનો 'ઓનલાઈન' કાર્યક્રમ સફળ રહ્યો.